# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-10-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## સંરક્ષણમંત્રી : કચ્છ મુલાકાત

દેશના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ બે દિવસીય કચ્છ પ્રવાસે છે. તેમણે ભુજમાં મિલિટરી સ્ટેશનમાં આયોજિત જવાનો સાથે દશેરાની આગોતરી ઉજવણી કરી હતી અને રાવણ દહન પણ કર્યુ હતું. રક્ષા મંત્રીએ જવાનો સાથે ભોજન લીધું હતું. ઓપરેશન સિંદૂરમાં ભૂમિકા ભજવનાર જવાનોનું સન્માન કર્યું હતું.

રક્ષા મંત્રીએ કહ્યું હતું કે, કચ્છ અને ભુજ શહેર સંકલ્પ અને શક્તિનું પ્રતિક છે. આજે દેશની સામે સાઈબર અને ડ્રોન એટેક સહિત આતંકવાદ જેવા પડકારો છે. યુદ્ધ જીતવા માટે મનોબળ અને અનુશાસન જરૂરી છે. દેશની સીમાઓએ હંમેશા સૈનિકોની બહાદૂરી જોઈ છે. આ પડકાર સામે લડવા હથિયાર એક માત્ર ઉપાય નથી.જવાનોને દરેક પરિસ્થિતિ માટે તૈયાર રહેવું જરૂરી છે. આ કાર્યક્રમ બાદ તેઓ સેનાની ત્રણેય પાંખના જવાનો સાથે બેઠક કરી હતી. 700 થી વધુ જવાનો સાથે બેસી રક્ષામંત્રીએ સામૂહિક ભોજન લઇ બડાખાનામાં ભોજન કરવાની પોતાની ઇચ્છા પૂર્ણ થઇ તેમ જણાવ્યું હતું.

આજે સંરક્ષણ મંત્રી લક્કીનાળા ખાતે શસ્ત્ર પૂજન કરી સુરક્ષા કવાયત નિહાળશે તથા વિવિધ નવીન સુવિધાઓનું લોકાર્પણ કરશે.

**-----------------------------------------------------------------------------------------**

## CM : નર્મદાનીર વધામણા

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધ છલકાતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે નર્મદાના નીરના વધામણાં કર્યા. નર્મદા બંધ 2017 બાદ ૬ઠ્ઠી વાર સંપૂર્ણ ભરાયો છે. આ પ્રસંગે શ્રી પટેલે સરદાર પટેલની 150મી જન્મ જયંતી અવસરે 31મી ઓક્ટોબરે યોજાનારી રાષ્ટ્રીય એક્તા દિવસની ઉજવણી અને એકતા પરેડ સહિતના કાર્યક્રમનું સ્થળ નિરિક્ષણ અને આયોજનની વિગતો મેળવી. તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસે આવેલા લોકો સાથે વાતચીત પણ કરી હતી.

---------------------------------------------------------------------------------------

## વિજયાદશમીની ઉજવણી

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી શ્રી મોદીએ વિજયાદશમીની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને શુભેચ્છા પાઠવી હતી.

અસત્ય પર સત્યના વિજયનાં પ્રતીકરૂપે વિજયાદસમી નાં પર્વની ઉલ્લાસ પૂર્વક ઉજવણી કરવા માં આવી રહી છે. આજે નવરાત્રિપર્વ નિમિતે યોજાતા નવરાત્રી મહોત્સવ નું અને દુર્ગા પૂજા મહોત્સવનું સમાપન થાય છે.ભુજમાં શસ્ત્ર પૂજન અને શમીવૃક્ષના પૂજનના કાર્યક્રમો યોજાય છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના એકસોમાં સ્થાપનાદિન નિમિતે વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે. સાંજે વિવિધ સ્થળે રાવણ દહનના કાર્યક્રમો યોજાશે. આજે લોકો ફાફડા જલેબીની મોજ માણશે.

---------------------------------------------------------------------------------------

## ગાંધી જયંતી : કચ્છમાં ઉજવણી

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની 156મી જન્મજયંતિ નિમિતે સમગ્ર રાષ્ટ્ર માં ભાવપૂર્ણ રીતે યાદ કરી અંજલિ આપવા માં આવી રહી છે.આજનો દિવસ વૈશ્વિક સ્તરે વિશ્વ અહિંસા દિવસ તરીકે મનાવવા માં આવી રહ્યો છે. સમગ્ર રાષ્ટ્ર અને રાજ્ય સાથે કચ્છ માં વિવિધ કાર્યક્રમો સાથે અંજલિ અપાશે. તેમની પ્રતિમા ને પુષ્પાંજલિ સાથે વંદના કરાશે જોગાનુજોગ ગાંધીજીની કચ્છયાત્રાના શતાબ્દી વર્ષ ની ઉજવણી થઈ રહી છે. એના ભાગરૂપે આજે ભુજ માં

વિજયરાજી પુસ્તકાલય ખાતે ગાંધી કચ્છ યાત્રા પ્રદર્શન ખુલ્લું મુકાશે. ભુજ માં ગાંધી પ્રતિમા પાસે ગાંધી જીવન ઝાંખી પરીક્ષા લેવાશે.

.... દેશ ના બીજા પ્રધાન મંત્રી લાલ બહાદુર શાસ્ત્રી ની આજે 121મી જન્મ જયંતિ છે.ભુજમા તેમની પ્રતિમાને હરરોપણ કરી અંજલિ અપાશે.

-----------------------------------------------------------------------------------------

## ખાદીમાં વળતર

રાજ્યમાં આજે ગાંધી જયંતીથી ખાદી અને પોલીવસ્ત્રમાં 30 ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય અપાશે. સ્વદેશીના પ્રતિક ખાદીને પ્રોત્સાહન આપવા સરકારે આ મહત્વનો નિર્ણય લીધો છે. ગ્રાહકોને ખાદી ખરીદી ઉપર આ લાભ 31 ડિસેમ્બર 2025 સુધી વળતર તરીકે મળશે. સમગ્ર દેશ સાથે કચ્છમાં પણ લોકો આજે ખાદી ભંડાર ખાતે આ ખાસ ઓફરનો લાભ લઇ ખાદીની ખરીદી કરશે.

-----------------------------------------------------------------------------------------

## આકાશવાણી 60 મો સ્થાપના દિવસ

આજે આકાશવાણી ભુજનો 60મો સ્થાપના દિવસ છે. પૂરા 60 વરસ પહેલાં 1965 ની બીજી ઓકટોબરે ગાંધી જયંતિ દિને આકાશવાણી ભુજના પ્રારંભ સાથે કચ્છ માં પ્રસારણક્ષેત્રે મહત્વનાં પગરણ મંડાયા હતા.જેનો વિધિવત પ્રારંભ 10 મી ઓક્ટોબરે તત્કાલિન માહિતી પ્રસારણ મંત્રી શ્રીમતિ ઇન્દિરા ગાંધીના ધ્વનિમુદ્રિત મંગલ પ્રવચન સાથે થયો હતો. આ કેન્દ્રએ છ દાયકની સફરમાં માનવસર્જિત અને કુદરતી આપતિ ના સમયે તેની ઉપયોગિતા પુરવાર કરી છે.

-----------------------------------------------------------------------------------------

## વરસાદ : કચ્છમાં યલો એલર્ટ

રાજ્ય પર સર્જાયેલી ત્રણ અલગ-અલગ સિસ્ટમના પ્રભાવથી જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ઝરમરથી ઝાપટા સ્વરૂપે વરસાદ વરસી રહ્યો છે ત્યારે ગઇકાલે સવારથી કચ્છ જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ધાબડિયો માહોલ જોવા મળ્યો હતો. કચ્છ પર સર્જાયેલી સિસ્ટમ ડિપ્રેશનમાં ફેરવાય તવી સંભાવના છે જેના પગલે કચ્છના અખાત, દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ઝડપ વધવાની સ઼ભાવના છે.  હવામાન વિભાગની આગાહી અનુસાર કચ્છમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. વધુ બે દિવસ સુધી અમુક સ્થળો પર મધ્યમથી ભારે વરસાદ થવાની સંભાવના છે.

---------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની બે ટેસ્ટની શ્રેણીની પ્રથમ મેચ આજથી અમદાવાદ ખાતે શરૂ થાય છે. વેસ્ટ ઈન્ડિઝની ટીમ 42 વર્ષ પછી અમદાવાદમા ટેસ્ટ મેચ રમશે. છેલ્લે બન્ને દેશો વચ્ચે 1983 માં ટેસ્ટ મેચ રમાઈ હતી.

---------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય કર્મચારી : મોંઘવારી ભથ્થો

કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો અને પેન્શનરો માટે મોંઘવારી રાહતને મંજૂરી આપી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ જણાવ્યું હતું કે આનાથી આશરે ૪૯ લાખ વીસ હજાર કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ૬૮ લાખ ૭૦ હજાર પેન્શનરોને ફાયદો થશે. આ વધારો પહેલી જુલાઈથી અમલમાં આવશે.

---------------------------------------------------------------------------------------------